અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ/
દુકાન ખરીદવા માટે નાણાકીય સહાય
આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૯૨/૨૯૦૪(૨)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૭/૧૧/૧૯૯૨.

વંચાણે લીધા :-(૧) સમાજ કલ્યાણ વિભાગના તા. ૩૦/૩/૯૧ ના ઠરાવ ક્રમાંકઃ
પરચ/૧૪૮૯/૩૧૯૪(૯૦)/જ.
(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાનો તા. ૧૩/૧૦/૯૨ નો
પત્રક્રમાંકઃ સક/કો. પ્લાન/૪૯૩/૯૨-૯૩/૬૦૦.

ઠ રા વ :-

અનુસૂચિત જાતિના લોકોને વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા સમાજ કલ્યાણ ખાતા દ્વારા સહાય આપવાની યોજના આમુખ(૧) સામે દર્શાવેલ હુકમોથી અમલમાં મુકવામાં આવેલ છે. પરંતુ નગર પંચાયત વિસ્તારમાં વસતા હોય તેઓને પણ આ યોજનાનો લાભ મળી રહે તે હેતુથી આ યોજનાનો અમલ શહેરી વિસ્તાર ઉપરાંત નગરપંચાયત વિસ્તારમાં પણ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ યોજનાં અંગે અગાઉ નિયત થયેલ બોલીયો અને શરતો રદ કરીને હવે નીચે દર્શાવેલ બોલીયો અને શરતો નિયત કરવામાં આવે છે.

૧. આ યોજનાનો લાભ ફકત અનુસૂચિત જાતિની વ્યકિતઓને આપવામાં આવશે અને લાભાર્થીને ફકત એક જ સ્થળે દુકાન અથવા વ્યવસાયના હેતુ માટે લોન સહાય મંજુર કરી શકાશે અને અન્ય કોઇ સ્થળે આવા લાભાર્થીને લોન/સહાય મંજુર કરી શકાશે નહીં.

૨. રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના હસ્તકના બોર્ડ/નિગમ અથવા શહેરી વિકાસ સત્તા મંડળો સ્થાનિક સ્વરાજ્ય હસ્તકની સંસ્થાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી દુકાનો ફાળવવામાં આવે તે દુકાનો ખરીદવા માટે જ લોન/સહાય આપવામાં આવશે.

૩. આ યોજનાનો લાભ અરજદાર કે અરજદારના કુટુંબના તમામ આવકના સાધનોની કુલ વાર્ષિક આવક રૂા. ૨૪,૦૦૦/- કરતાં વધુ ન હોય

: ૨ :

તેવી વ્યકિતઓને આપી શકાશે/મંજુર કરી શકાશે પરંતુ રુ. ૧૨,૦૦૦/- સુધી વાર્ષિક આવક ધરાવતા અરજદારને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.

૪. લોનની રકમ અંદાજીત રકમના ૮૦ ટકા પણ મહત્તમ રુ. ૪૦,૦૦૦/- અરજદારને દુકાન પ્રાપ્ત થયેથી લોન આપવામાં આવશે અને સબસીડીની રકમ ખરેખર ખર્ચના ૨૦ ટકા પણ રુ. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં જરુરી પુરાવા/દસ્તાવેજો રજુ કર્યે અથવા દુકાન શરુ થયાના ત્રણ માસ એ બે માંથી જે મોડુ હોય તેટલા સમય પછી ચુકવવામાં આવશે.

૫. અરજદારે સ્વતંત્ર વ્યવસાય શરુ કરવાનો રહેશે. દુકાનમાં/વ્યવસાયમાં અન્ય વ્યકિતની ભાગીદારી માલુમ પડશે તો અરજદાર પાસેથી તમામ સહાય/લોન નિયમાનુસાર અથવા જરુર જણાયે મહેસુલી રાહે વસુલ કરવામાં આવશે. એ તેની સઘળી જવાબદારી લાભાર્થીના પોતાના શિરે રહેશે.

૬. લોનની ચુકવણી થયા બાદ ૧૨ માસ પછી લોનની વસુલાત શરુ થશે. રુ. ૪૦,૦૦૦/- ની લોન ૮૦ સરખા માસિક રુ. ૫૦૦/- ના એક એવા હપ્તામાં રુ. ૪૦,૦૦૦/- થી ઓછી રકમ ૭૦ હપ્તામાં, હપ્તાની રકમ લોનની રકમને આધારીત એવી રીતે રખાશે કે મહત્તમ રકમ પહેલા માસિક સરખા હપ્તાથી વસુલ કરાશે અને બાકીની રકમ છેલ્લા એક હપ્તા/બે હપ્તામાં વસુલ કરાશે વ્યાજ ૨૦ હપ્તામાં વસુલ કરાશે.

૭. મંજુર કરવામાં આવેલ લોનનો વ્યાજનો દર ૪ % રહેશે.

૮. લોનના હપ્તા અને વ્યાજ તેના નિયત સમય કરતા વહેલા ભરપાઇ કરવા માટે અરજદારને છૂટ રહેશે.

૯. લોન તથા વ્યાજ નિયમિત ન ભરનાર પાસેથી અઢી ટકા વધુ દંડનીય વ્યાજ તરીકે વસુલ કરાશે અને બાકી લોનની રકમ જમીન મહેસુલના લેણા તરીકે પણ વસુલ કરી શકાશે.

૧૦. આ યોજનાનો લાભ મેળવવા ઇચ્છતા અરજદારે લોનની સંપૂર્ણ રકમ જેટલી સ્થાવર મિલ્કત ધરાવતી વધુમાં વધુ બે સ્થાનિક વ્યકિતઓની જામીનગીરી આપવાની રહેશે.

૧૧. વ્યવસાયનું સ્થળ કે દુકાન, જે આ યોજના હેઠળ ખરીદવામાં આવે તે સરકારે આપેલી લોન સામે સરકારને ગીરે મુકવાના રહેશે.

૧૨. મંજુર કરવામાં આવેલ લોન/સહાય અરજદારને જે હેતુ માટે મંજુર કરવામાં આવેલ હશે તે હેતુ માટે જ ઉપયોગમાં લઇ શકાશે જો તેમ કરવામાં કસુર થશે તો મંજુર

કરવામાં આવેલ તમામ રકમ એકી સાથે દંડનીય વ્યાજ સહિત વસુલ કરવામાં આવશે.

૧૩. આ યોજના અંગે સરકારે નિયત કરેલ શરતોના પરીપાલન માટે અરજદારે લેખિત બાંહેધરી આપવાની રહેશે. આ લેખિત બાંહેધરી જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીએ લોનની રકમની ચુકવણી કરતા પહેલાં મેળવી લેવાની રહેશે. અને લાભાર્થી આવી શરતોનું પાલન યથાયોગ્ય રીતે કરે તે જોવાની જવાબદારી જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/સમાજ કલ્યાણ અધિકારીની રહેશે.

૧૪. આ યોજનાનો લાભ મેળવવા માટે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી/ સમાજ કલ્યાણ અધિકારીને અરજી કરવાની રહેશે.

૧૫. આ યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી અને સમાજ કલ્યાણ અધિકારીએ કરવાનું રહેશે.

૧૬. આ યોજના હેઠળ લોન/સહાય મેળવીને ખરીદેલ વ્યવસાય સ્થળ/દુકાનમાં કોઇપણ જાતની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરી શકાશે નહીં.

૧૭. આ યોજના હેઠળ મેળવેલ લોન/સહાય દ્વારા ખરીદવામાં આવેલ વ્યવસાયનું સ્થળ/દુકાન જમીન અંગેના નિયમો અનુસાર તેમજ બાંધકામના નિયમોનુસાર હોવા જોઇએ. અને જો આ અંગે કોઇ ક્ષતિ જણાશે તો મંજુર કરવામાં આવેલ લોન/સહાયની રકમ જરુર જણાયે મહેસુલી રાહે પરત લેવામાં આવશે.

૧૮. આ યોજનાનો લાભ શિક્ષિત બેરોજગાર, બેકાર મીલ કામદાર, તાંત્રિક અને વ્યવસાયિક અનુભવ અને સ્વરોજગારીની લાયકાત ધરાવતા લોકોને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

૩. આ યોજના અંગેનો ખર્ચ માગણી નં. ૯૧, ૨૨૨૫અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને પછાતવર્ગનું કલ્યાણ-બીસીકે-૪૨- અનુ.જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના શહેરી વિસ્તારમાં નાના ઉધોગ સાહસિકોનું નાણાકીય સહાય- એ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૭/૧૧/૧૯૯૨ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. ડી. રાઠોડ)
નાયબ સચિવ
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,

મા. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

મા. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

મા. મંત્રીશ્રી (સ. ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સર્વે જીલ્લા પછાતવર્ગકલ્યાણ અધિકારીશ્રીઓ,

સર્વે જીલ્લા પછાત/સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત),

મહાલેખાધિકારશ્રી, રાજકોટ/અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો

બજેટ શાખા, નાણાં વિભાગ,

નાણાકીય સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ

વિભાગની સર્વે શાખાઓ

સિલેકટ ફાઇલ.

નાના વ્યવસાયકારોને વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા માટે લોન/સહાય મેળવવાનું અરજી પત્રક.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ઘર નંબર:-........................

રેશનકાર્ડ નંબર:-...................

૧. અરજદારની વિગત:-

   ૧. નામ:-

   ૨. સરનામું :-

   ૩. ઉંમર :-

૨. જાતિ અને પેટાજાતિ..........................(દાખલો સામેલ કરવો)

૩. (અ) વ્યવસાયનો પ્રકાર

   (બ) વ્યવસાયનો અનુભવ જેવો કે વંશપરંપરાગત કે પ્રાયોગિક તાલીમ લાયકાત (પ્રમાણપત્ર સામેલ કરવું)

   (ક) વ્યવસાય ચાલુ છે કે નવો શરૂ કરવાનો છે.?

   (ડ) વ્યવસાયનું સ્થળ :-

   (ઇ) રોકેલી મુડી :-

૪. કુટુંબની કુલ વાર્ષિક આવક (દાખલો સામેલ કરવો)

   (૧) ઉદ્યોગમાંથી ..............................

   (૨) ખેતી કે જમીનમાંથી.......................

   (૩) અન્ય વ્યવસાયમાંથી.....................

   કુલ:- ....................

૫. અરજદારની મિલ્કત

   ખેતીની જમીન:-

   સ્થાવર મિલ્કત

   અન્ય મિલ્કત

૬. વ્યવસાયના સ્થળ અંગેની વિગત

   ૧. વ્યવસાયનું સ્થળ:-

   ૨. અરજદારને બોર્ડ/નિગમ/અથવા શહેરી વિકાસ મંડળ તરફથી ફાળવેલ છે કે કેમ ?

...૨...

૩. તેમના નામે હોય તો તેના જરૂરી પુરાવા/દસ્તાવેજો રજૂ કરેલ છે કે કેમ ? (પુરાવાની નકલ રજૂ કરવી)

૪. દુકાન/સ્થળનું પઝેશન ક્યાં સુધીમાં મળશે ?

૫. તે અંગેની ચકાસણી અધિકારીએ જાતે કરેલ છે કે કેમ.

૭. વ્યવસાય માટેની નાણાંકીય જરૂરીયાત:-

૧. વ્યવસાયનું સ્થળ ખરીદવા માટે

૮. અન્ય સંસ્થા પાસેથી લોન લીધેલ હોય તો.

| | હેતુ | લોન લીધાની રકમ | વર્ષ |
|---|---|---|---|
| ૧. સહકારી મંડળી | | | |
| ૨. બેન્ક | | | |
| ૩. સરકાર | | | |
| ૪. અન્ય | | | |

૯. લોન ભરપાઈ કરવા અંગે :-

(૧) હપ્તાની રકમ

(૨) હપ્તાની મુદત માસિક

(૩) લોન મળ્યા બાદ હપ્તો ક્યારથી શરુ થશે ?

૧૦. હું/અમે પ્રમાણિત કરું છું/કરીએ છીએ કે મેં / અમે આપેલ બધી માહિતી સાચી મારા/અમારા એકમ માટે કોઈ બેન્ક/નાણાંકીય સંસ્થા મારફત નાણા ધિરાણ લેવાની કાર્યવાહી કરી નથી. લોન મંજૂરીના સંદર્ભ મારી/અમારી સામે કોઈ કાયદેસરનું પગલું લેવામાં આવ્યું નથી / લેવાઈ રહ્યું નથી. મારી/અમારી અરજી સંબંધમાં તમોને જોઈતી બધી માહિતી હું / અમે પુરી પાડીશું આ માહિતી તમે /તમને યોગ્ય લાગે તે સંસ્થાને આપી લઈ શકશો અને તમે/તમારા પ્રતિનિધિઓ અને તમે જેને સત્તા આપી હોય તેવી બીજી કોઈપણ એજન્સી અમારી વ્યવસાય ના સ્થળો અમારી અસ્કયામતો, હિસાબના ચોપડા વિગેરે જોવા/તપાસવાનો અબાધિત અધિકાર આપીએ છીએ જે હેતુ માટે લોન મંજુર થઈ છે તે સિવાય અન્ય હેતુ માટે તેનો ઉપયોગ નહિ કરવા બાંહેધરી આપું છું

૨૯/અ

હું લોનને હેતુસર માટે વાપરીશ અથવા તે હેતુ માટે ઉપયોગ કરીશ નહિ તો જમીન મહેસુલની બાકી રકમ તરીકે તેટલા વસુલ કરાવવા સંમતી આપું છું.

સ્થળ:-

તારીખ:-

## :- જા મી ન પ ત્ર :-

આથી અમો નીચે સહી કરનાર જામીનગીરી આપીએ છીએ કે

શ્રી.......................................રે.............................

ગામ.....................તાલુકો...................જીલ્લા.............

ને.......................... વ્યવસાય માટે..............................

સ્થળે.......................... તાલુકા...............................

જિલ્લામાં રુા.......................... ની લોનની માગણી કરેલ છે. તેને તેટલી રકમના જામીન થવા અમો સંમતિ આપીએ છીએ; સદરહુ વ્યકિતની માહિતી ખોટી પુરવાર થશે અગર તો લોન મેળવ્યા બાદ તેનો ઉપયોગ જે તે હેતુ માટે કરશે નહિ તો આ લોનની વસુલાત સરકારશ્રીના વખતો વખતના સુધારેલા નિયમો મુજબ તથા જમીન મહેસુલની બાકી રકમ તરીકે વ્યાજ સહિત હું આપવા બંધાઉ છું.

તારીખ......

| અ.નં. | જામીન થનારનું નામ | સરનામુ | સહી |
|---|---|---|---|
| ૧. | ૧. | ૧. | ૧. |
| ૨. | ૨. | ૨. | ૨. |